અનુસૂચિત જાતિના લોકોને વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા માટે નાંણાંકીય સહાય/લોન આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાંજિક ન્યાય અને અધિકારીતાવિભાગ,
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૯૮/ન.બા.૨૪/ગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- 9 JUL 1999

વંચાણે લીધા:- ભૂત પૂર્વ સમાજ કલ્યાણનો તા:-૨૭-૧૧-૯૨ નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૯૨/૨૯૦૪(૨)/જ,

ઠરાવ:-

આમુખમાં જણાવેલ ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગના તા:-૨૭-૧૧-૯૨ના ઠરાવથી અનુસૂચિત જાતિના લોકોને વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા માટે નાંણકીય સહાય આપવા અંગેની યોજનાની શરતો/બોલીઓ નિયત કરવામાં આવી છે.આ શરતોની શરત ક્રમાંક:૪ મુજબ રુપિયા:૪૦,૦૦૦નીમહત્તમ મર્યાદામાં ધંધાનુ સ્થળ/દુકાનની અંદાજીત કિંમતના ૮૦ટકા તથા રુ.૧૦,૦૦૦/- ની મહત્તમ મર્યાદામાં ખરેખર ખર્ચના ૨૦ ટકા સબસીડી (નાંણાંકીય સહાય) મંજૂર કરવાની રહે છે.

૨. હાલની પ્રવર્તમાન પરિસ્થિતિમાં શહેરી વિસ્તારોમાં જમીન તથા દુકાનો ના ભાવમાં ઘણો વધારો થયેલ છે. જેના કારણે અનુ.જાતિના ઈસમો મોંઘવારીને કારણે વધેલા ભાવો ના સંદર્ભમાં યોજના હેઠળ ઠરાવવામાં આવેલ લોન/સહાય નું ધોરણ ઘણું અપુરતું હોઈ તેમાં સુધારો કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. કાળજી પૂર્વકની વિચારણાને અંતે આ વિભાગના તા.૨૭-૧૧-૯૨ ના ઠરાવથી નકકી કરવામાં આવેલ લોનની રકમ ધંધાનું સ્થળ/દુકાન ખરીદવા માટેના અંદાજીત ખર્ચનાં ૮૦ટકા પુરતુ મહત્તમ રુ.૬૦,૦૦૦/-(અંકે રુપિયા સાઈઠ હજાર પુરા) દુકાન પ્રાપ્ત થયેથી તથા સબસીડીની રકમ ખરેખર ખર્ચના ૨૦ટકા પરતું મહત્તમ .૧૫૦૦૦/-(અંકે રુ.પિયા પંદર હજાર પુરા)ની મર્યાદામાં જરુરી પુરાવા/દસ્તાવેજો રજુ કર્યાની તારીખ અથવા દુકાન શરૂ થયાના ત્રણ માસ એ બેમાંથી જે મોડું હોય તેટલા સમય બાદ ચૂકવવા નું આથી ઠરાવવામાં આવે છે. યોજનાની અન્ય શરતો યથાવત રહેશે તથા આ માટે બજેટ જોગવાઈની મર્યાદામાં તથા નાંણા વિભાગે છૂટી કરેલ ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે

૩ . આ માટે નાંણંકીય સહાય(સબસીડી) અંગેના ખર્ચ માટે સને ૧૯૯૯-૨૦૦૦ના નાંણકીય વર્ષના અંદાજ પત્રના સદર માંગણી નં.૯૩,પછાત વર્ગોનું કલ્યાણ, ૨૨૨૫,અનુ.જાતિ, જનજાતિ અને અન્ય પછાત જાતિઓનું કલ્યાણ -૦૧ આર્થિક વિકાસ,બીસીકે-૪૧ અનુ.જાતિના ઈસમોને વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા માટે નાંણંકીય સદર હેઠળ થયેલ રુ.૪.૫૦ લાખની જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

૪. આ અંગે લોન અંગેના ખર્ચ માટેસને ૧૯૯૯-૨૦૦૦ ના નાંણાકીય વર્ષનાં અંદાજપત્રના સદર-માંગણીનં.૯૩,પછાતવર્ગોનું કલ્યાણ,-૬૨૨૫,અનું.જાતિ,જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ,લોન,૧૦૨ આર્થિક વિકાસ,બીસીકે.૪૧, અનું.જાતિના ઈસમોને વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા નાંણાં સહાય હેઠળ થયેલ રુ.૧૮.૦૦ લાખની નવી બાબતની જોગવાઈને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાંણા વિભાગની તા.૯-૬-૯૯ની નોંધથી તથા ફાઈલક્રમાંક:પરચ/૧૦૯૮/ન.બા.૨૨/ગ ઉપર નાંણા વિભાગની તા.૧૦-૬-૯૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી.પ્રજાપતિ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

નકલ રવાના:-
રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યાય અને અધિ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
માન.મંત્રીશ્રી,(સ.ક.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
માન.મંત્રીશ્રી,(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર.
કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ ખાતું,ગાંધીનગર.
નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
નાંણાં સલાહકારશ્રી,(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો,સચિવાલય, ગાંધીનગર.
વિભાગની સર્વે શાખાઓ,
સિલેકટ ફાઈલ.

૪૩૬
નં.અજાક-ન.બા.-૯૯-ચ/ કુ.સં./
નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ
બ્લોક-નં.૪, બીજો માળ,
ગાંધીનગર. તા: ૭/-૭-'૯૯.

પ્રતિ,
૧) જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
................જિલ્લો (તમામ)

૨) શાખાધિકારીશ્રી તમામ..........
વડી કચેરી, ગાંધીનગર.

નાયબ નિયામક
અનુ.જાતિ કલ્યાણ,ગુ.રા.
ગાંધીનગર.